राम नाईक
पूर्व पेट्रोलियम मंत्री

9 शिवस्मृति, 51, जयप्रकाश नगर
गोरेगाव पूर्व, मुंबई 400 063.
दूरभाष : 022-2686 33 39, फैक्स : 022-2686 11 33
ई मेल : ramnaik@vsnl.com

કૃપાકરી પ્રસિધ્ધી માટે : ૧૭ ઓકટોબર ૨૦૦૮

**ભારતીય જનતા પાર્ટી ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે ૧૭ ઓકટોબર ૨૦૦૮ ના પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

-----------------------------

**પેટ્રોલિયમ ક્ષેત્રની અરાજકતા અટકાવી ડિઝલ,પેટ્રોલ અને ગેસના ભાવ ઓછા કરો : રામ નાઈક**

**મુંબઈ,શુક્રવાર :** "પાછલાં ૧૬ વર્ષમાં સપટેંબર મહિનામાં સહુથી વધુ વધેલ મોંઘવારી,તેનીજ સાથે દેશમાં આવેલ આર્થિક મંદી ના વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહની કોંગ્રેસ આગેવાની વાળી સરકાર જવાબદાર છે.તેમાં પેટ્રોલિયમ ક્ષેત્રમાં નિમાર્ણ થયેલ અરાજકતાને કારણે સામાન્ય માણસને જીવન દોહ્યલું થયું છે.આંતરરાષ્ટ્રીય બઝાર માં કાચા તેલ ની કિમતો ઓછી થઈ હોવાથી હવે મોંઘવારી નાથવા ડિઝલ,પેટ્રોલ અને રાંધણ ગેસના જૂન ૨૦૦૮માં વધારેલ ભાવો પાછાં ખેંચવા," એ મુજબની માગણી માજી પેટ્રોલિયમ પ્રધાન અને ભાજપ નેતા શ્રી રામ નાઈકે શુક્રવારે મુંબઈ ખાતે થયેલ પત્રકાર પરિષદમાં કરી છે.

આ સંદર્ભે સવિસ્તર બોલતાં શ્રી રામ નાઈકે કહ્યું કે," પાછલાં ચાર વર્ષમાં પેટ્રોલિયમ ક્ષેત્રે અક્ષરશઃ અંધાધૂંધી ફરી વળી છે.આંતરરાષ્ટ્રીય બઝારમાં જૂલાઈ ૨૦૦૮માં કાચા તેલ ની કિમત પ્રતિ બૅરલ ૧૪૭ ડૉલર હતી.કોંગ્રેસ સરકારે આંતરરાષ્ટ્રીય બઝાર ની વધઘટ જોતાં તે વેળાં, પૂર્વેજ પેટ્રોલની કિમત રૂ.૫.૦૦ પ્રતિલિટર,ડિઝલ રૂ.૩.૦૦ પ્રતિલિટર,અને રાંધણ ગેસ રૂ.૫૦ પ્રતિસિલિંડર વધારેલ છે.હવે આ અઠવાડિયે આંતરરાષ્ટ્રીય બઝારમાં કાચા તેલની કિમત પ્રતિ બૅરલ ૭૨ ડૉલર નીચે આવી હોઈ તેના પ્રમાણમાં પેટ્રોલ,ડિઝલ,અને ગેસના ભાવો સરકારે ઓછા કર્યા નથી.આ સરકારને સામાન્ય માણસની મુશ્કેલીઓ ખબર જ નહોવાને કારણે વધારેલ ભાવો હજૂયે પાછા ખેંચ્યા નથી.સામેપક્ષે ૩૧ ઓગષ્ટના વિમાનો માટે વપરાતા ઈંધણ એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવો પ્રતિલિટર ૧૧.૭૮ રૂપિયે,જયારેકે ૧ ઓકટોબરથી પ્રતિલિટર ૩.૨૦ રૂપિયે અર્થાત કુલ ૧૫ રૂપિયે ઓછા કરવામાં આવ્યા.સામાન્ય માણસના ઉપયોગના ડિઝલ-ગેસના ભાવ ઓછા થતાં નથી,પરંતુ શ્રીમંતો માટેના ઉપયોગનું વિમાની ઈંધણના ભાવ ઓછા થઈ રહ્યાં છે,એ આંચકાજનક છે." એવું પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**<u>ઈથેનૉલ ઉત્પાદન પર કુઠારાઘાત</u>**

"પાછલાં ચાર વર્ષમાં પેટ્રોલિયમ ક્ષેત્ર માટે કોઈપણ જાતનું નિશ્ચિત ધોરણ શ્રી મનમોહન સિંહ સરકારે સ્વીકાર્યું જ નહીં ,તેને કારણે જ વૈકલ્પિક ઈંધણ તરીકે ઈથેનૉલનો વિકાસ કરવાનું વડાંપ્રધાન વાજપેયીના સમયમાં સ્વીકારેલ ધોરણ પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરાએ અક્ષરશઃ પાટેથી નીચે ઉતાર્યું છે.શેરડીનાં કચરામાંથી ઈથેનૉલ બનાવવાનો ક્રાંતીકારક કાર્યક્રમ વાજપેયી સરકારે અમલમાં લાવવાની શરૂઆત કરી હતી.ઈથૅનૉલને કારણે કાચા તેલની આયાત ઓછી થઈ વિદેશી ચલણ બચવાનું હતું.એટલુંજ નહીં તેને કારણે શેરડી ઉત્પાદક ખેડૂતોને તેમની શેરડીના ઉંચા ભાવો મળી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળે એમ હતું.તેનીજ સાથે-સાથે ઈથેનૉલ એ પર્યાવરણની દ્રષ્ટિએ લાભદાયક છે.વાજપેયી સરકારે ૨૦૦૩ માં શેરડી ઉત્પાદન કરનારાં ૯ રાજયોમાં પેટ્રોલમાં ૫ ટકા ઈથેનૉલ ભેળવવાનો નિર્ણય બંધનકર્તા કર્યો હતો.૨૦૦૪ ના વર્ષે બાકી રહેલ રાજયોમાં ૫ ટકા,અને ૨૦૦૫ માં આખાય દેશમાં ૧૦ ટકા ઈથેનૉલ ભેળવવાનો નિર્ણય લીધો હતો.દેશહિતના આ નિર્ણયને અમલમાં ન મૂકાતા લિકર લૉબીના દબાણમાં આવી વડાંપ્રધાન ડૉ.મનમોહન સિંહની સરકારે ૨૦૦૪ થી ઈથેનૉલની ખરીદી

..૨..

निवास : बी-503, लक्षचंडी अपार्टमेंट, जनरल अरुणकुमार वैद्य मार्ग, कृष्णवाटिका रास्ता, गोकुळधाम, गोरेगाव पूर्व, मुंबई 400 063 • दूरभाष : 022-2841 33 99, फैक्स : 022-2842 33 99

राम नाईक
पूर्व पेट्रोलियम मंत्री

9 शिवस्मृति, 51, जयप्रकाश नगर
गोरेगाव पूर्व, मुंबई 400 063.
दूरभाष : 022-2686 33 39, फैक्स : 022-2686 11 33
ई मेल : ramnaik@vsnl.com



કરવીજ બંધ કરેલ છે.હવે ફરી પાછી ઈથેનૉલ ખરીદીની શરૂઆત કરવાનું પાછલાં અઠવાડિયે પેટ્રોલિયમ મંત્રાલયના સુત્રોએ ઉચ્ચાર્યું છે.તાત્પર્ય એટલુંજ કે મહત્વનાં ચાર વર્ષો વેડફાયા છે.કેંદ્ર સરકારમાં મહારાષ્ટ્રમાંથી શ્રી શરદ પવાર,કૃષીપ્રધાન અને શ્રી મુરલી દેવરા,પેટ્રોલિયમ પ્રધાન હોવાછતાંયે આવું કેમ બન્યું એ દુર્ભાગ્યપૂર્ણ છે," એમુજબની પ્રતિકિયા પણ શ્રી રામ નાઈકે વ્યકત કરી છે.

**રાંધણગેસ અને ઘાસલેટની કાળાબઝારી**

વાજપેયી સરકારના સમયમાં રાંધણગેસના ગેસસિલિંડરની ૧ કરોડ ૧૦ લાખ ગ્રાહકની પ્રતીક્ષા સૂચી સમાપ્ત કરી લગભગ ૪ કરોડ ગ્રાહકોને નવા જોડાણો અપાયાં હતાં.જેમને બે સિલિંડર જોઈતાં હતાં,તેમને બે સિલિંડર પણ આપી માગે તેને ગેસ મળશે તેવી પરિસ્થિતી નિર્માણ કરવામાં આવી હતી.જયારેકે પાછલાં થોડા મહિનાઓથી ફરી લાખો ગ્રાહકો પ્રતિક્ષા યાદી પર છે.૧૯ ઑગષ્ટ રોજે દિલ્લીમાં મળેલ બેઠકમાં તેવેળાંની ૮ લાખ ગ્રાહકોની પ્રતીક્ષા સૂચી ૬૦ દિવસમાં સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો,પરંતુ તેની પણ અમલબજાવણી થયેલ નથી. એટલુંજ નહી પણ પૂરાં થયેલાં સિલિંડરની બદલીમાં બીજૂં સિલિંડર મેળવવામાં પણ ૨૧ દિવસથીયે વધુ સમય લાગે છે.તેને કારણે કૃત્રિમ અછત ઉભી થતી હોવાથી કાળાંબઝારી અને ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે.જો ગ્રાહકે પોતે એજેંટ પાસેથી સિલિંડર લીધું, તો તેના પેટે રૂ.૮.૦૦ ની છૂટ આપવાનો નિયમ હતો.તે સવલત મુંબઈ,દિલ્લી,કોલકાતા,અને ચેન્નઈ આ ચાર મહાનગરમાંથી રદ્દ કરવામાં આવેલ છે ,આ મહાનગરોમાં સર્વેને ઘરપહોંચ સિલિંડર આપવામાં આવતા નથી તે વધારાનું,આવી આંચકાદાયક માહિતી પણ શ્રી રામ નાઈકે આપી છે.એ સિવાય રૅશનકાર્ડ પર પહેલાની જેમ ઘાસ- લેટ મળતું ન હોઈ તેની પણ કાળાંબઝારી ઉઘાડેછોગે થઇ રહી હોવાનું તેમણે કહ્યું હતું.

**મુંબઈમાં પાઈપગેસ ના જોડાણો બંધ**

મુંબઈમાં મહાનગર ગેસ લિમિટેડના માધ્યમે પાઈપ મારફત રાંધણ નૈસર્ગીક ગેસ (પીએનજી) આપવાનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ વાજપેયી સરકારની વેળાં હાથ ધરવામાં આવ્યો હતો.તે કાર્યક્રમના અંતર્ગત ૩.૫૯ લાખ કુટુંબોને પાઈપ મારફત ગેસ આપવામાં આવ્યો, જયારેકે ૧.૮૭ લાખ ઑટો રિક્ષા,ટેક્ષી વગેરે વાહનોને સીએનજી ગેસ પૂરો પાડવામાં આવે છે.પાઈપગેસ એ સિલિંડરમાંનો એપીજી ગેસ કરતાં ખૂબજ સસ્તો છે,અને ઑટોરિક્ષા-ટેક્ષી ચાલકોને મળનારો સીએનજી ગેસ એ પેટ્રોલ કરતાં ૭૫ ટકા સસ્તો છે.પાછલાં ૬ મહિનાથી ઘરઘરાઉ વપરાશના જાડાણો માટે પાઈપગેસ આપવાના સરકારે બંધ કર્યાં છે,એવી માહિતી શ્રી રામ નાઈકે આપેલ છે.

" પેટ્રોલિયમ ક્ષેત્રના અન્ય વિવિધ મોર્ચે પણ અંધાધૂંધી અને અકાર્યક્ષમતાની પસ્તાળ પડી હોઈ અરાજકતા નિર્માણ થયેલ છે તે રોકો, પેટ્રોલ રૂ.૫.૦૦,ડિઝલ રૂ. ૩.૦૦ અને ગેસ રૂ.૫૦.૦૦ ને હિસાબે ભાવવધારો ઓછો કરો,નહીંતર જનતા આગામી સમયમાં કોંગ્રસને પાઠ ભણાવ્યા વગર નહીં રહે," એમ પણ શ્રી રામ નાઈકે અંતે કહ્યું હતું.

(કાર્યાલય સચિવ)

निवास : बी-503, लक्षचंडी अपार्टमेंट, जनरल अरुणकुमार वैद्य मार्ग, कृष्णवाटिका रास्ता, गोकुळधाम, गोरेगाव पूर्व, मुंबई 400 063 • दूरभाष : 022-2841 33 99, फैक्स : 022-2842 33 99